For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in


વેડ રોડ પર વાનને ધક્કા મરાયા


ગરનાળામાં પાણી ભરાયા
(તસવીર : સતીષ જાદવ)

# બે જ કલાકમાં ત્રણ ઈંચ વરસાદથી સુરત જળબંબોળ

**કતારગામમાં** 5, કોટ વિસ્તારમાં 4 અને વરાછામાં 2.5 ઈંચ વરસાદને કારણે શહેરના મોટા ભાગના વિસ્તારો પાણી-પાણી થઈ ગયા

**ભારે** વરસાદને કારણે વરાછા તેમજ સહરા દરવાજાના ગરનાળામાં પાણી ભરાઈ જતાં વાહનો બંધ થઈ ગયાં

સુરત : શહેરમાં શુક્રવારે બપોરે 2 જ કલાકમાં ધોધમાર વરસાદ થતા ચારેબાજુ પાણી પાણી થયા હતા. અને લોકોને પણ ઘણી હાલાકી વેઠવી પડી હતી. રેલવે ગરનાળામાં 2 ઈંચ જેટલા પાણી ભરાતા કલાકો સુધી લોકો અટવાયા હતા અને ટ્રાફિક જામ થયો હતો. શ્રાવણ માસમાં થયેલા

અનુસંધાન પાના પાંચ પર

## જલાલપોરમાં 4.5, સાપુતારામાં 4 અને નવસારીમાં 1.5 ઈંચ વરસાદ

**જલાલપોર** અને નવસારીમાં ભારે વરસાદથી પાણી ભરાયા

**સાપુતારામાં** 2 કલાકમાં 2 ઈંચ વરસાદથી સ્વાગત સર્કલ પર ઘૂંટણીયા જેટલું પાણી ભરાયું

નવસારી, સાપુતારા : ગતરાત્રે જલાલપોર અને નવસારીમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. જ્યારે દિવસ દરમિયાન વરસાદની ગેરહાજરી રહી હતી.

અનુસંધાન પાના પાંચ પર

### નવસારી રેલવે ગરનાળામાં પાણી ભરાતા ફાટક પર વાહનોની લાંબી લાઇન



નવસારી : ગત રાત્રે નવસારીમાં પડેલા ધોધમાર વરસાદને પગલે નવસારી રેલવે ગરનાળામાં વરસાદી પાણી ભરાયા હતા. જેથી ગરનાળું બંધ થઇ જતા

અનુસંધાન પાના પાંચ પર

**ક્યાં કેટલો વરસાદ**

| | |
|---|---|
| જલાલપોર | 4.5 ઈંચ |
| સાપુતારા | 4 ઈંચ |
| નવસારી | 2.7 ઈંચ |
| વાંસદા | 1.7 ઈંચ |
| ચીખલી | 1 ઈંચ |

## પલસાણામાં 3, મહુવા અઢી અને માંડવીમાં 2 ઈંચ વરસાદ

**ઉકાઈમાંથી** 23 હજાર ક્યુસેક પાણી છોડાયું, સપાટી 334.77 ફૂટ નોંધાઇ

સુરત: બંગાળની ખાડીમાંથી ઉદ્દભવેલી વરસાદી સિસ્ટમને પગલે સુરત શહેર-જિલ્લામાં વરસાદની સેકન્ડ સ્પેલ શરૂ થઈ છે. ગઈકાલ રાતે શહેર જિલ્લામાં સર્વત્ર વરસાદ નોંધાયો હતો. આજે બપોરે સુરત શહેરમાં બે કલાકમાં જ બે ઈંચ વરસાદને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ બંગાળની ખાડીમાં 15 દિવસ બાદ અપર એર સરક્યુલેશન બનતા સુરત સહિત સમગ્ર દક્ષિણ

અનુસંધાન પાના પાંચ પર

### સુરતમાં ઈ-FIR જાગૃતિ કાર્યક્રમમાં લવ જેહાદ મુદ્દે ગૃહરાજ્યમંત્રીના આકરાં વેણ

# ‘મુસ્તુફા મહેશ બની ભોળી દીકરીને પ્રેમમાં ફસાવશે તો કડક પગલાં ભરાશે’

**પ્રેમ** કરવાનો તમામને હક છે, પરંતુ પોતાની ઓળખ છુપાવીને પ્રેમ કરવાનો કોઈને જ હક નથી: હર્ષ સંઘવી

**મહેશ** અન્ય નામ ધારણ કરીને પ્રેમ કરશે તો કડક પગલાં ભરવામાં આવશે



સુરત: ભારે વિવાદી બની ચૂકેલા લવ જેહાદના મુદ્દે આજે રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી પણ આકરા વેણ કાઢ્યા હતા. હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, પ્રેમ કરવાનો તમામને હક છે પરંતુ પોતાની ઓળખ નહી જાહેર કરીને, છુપાવીને પ્રેમ કરવાનો કોઈને જ હક નથી. સાચું નામ રાખીને જો પ્રેમ કરવામાં આવે તો કોઈ વાંધો નથી પરંતુ જો કોઈ નામ બદલીને ભોળી દીકરીઓને ફસાવે

અનુસંધાન પાના પાંચ પર

## પોલીસ કર્મચારી જનતાનો મિત્ર છે: પો.કમિ. અજય તોમર

આ પ્રસંગે પો.કમિ. અજય તોમરે જણાવ્યું હતું કે, પોલીસ કર્મચારીઓ જનતાના મિત્ર છે. પોલીસ હંમેશા સુસંસ્કૃત અને સભ્ય લોકોની પડખે રહેશે, પરંતુ ગુનાહિત કાર્ય કરનારા તત્વો પર આક્રમક થઇને સજા-દંડ આપવામાં ક્યારેય ખચકાશે નહીં. કોરોના કાળમાં પોલીસકર્મીઓ પરિવારની ચિંતા કર્યા વગર

અનુસંધાન પાના પાંચ પર

## નેત્રંગના ધારિયા ધોધનો નજારો માણવા પર્યટકો ઊમટી પડ્યા



■ નેત્રંગના ધાંણીખુટ ગામે આવેલા ધારિયા ધોધનો નજારો માણવા શનિ-રવિની રજાઓમાં મોટી સંખ્યામાં પર્યટકો ઊમટી રહ્યા છે. જંગલ વિસ્તારના કુદરતી નજારાથી પ્રવાસીઓ આનંદીત થાય છે. તો બીજી તરફ પર્યટકોને લઇ સ્થાનિક આદિવાસી લોકોને પણ રોજીરોટી મળી રહે છે. **(તસવીરઃ પ્રદીપ ગુર્જર)**

# કોસ્ટ એકાઉન્ટ્સની પરીક્ષામાં સુરત ચેપ્ટરનું 91 ટકા પરિણામ

**સુરત** ચેપ્ટરમાં પ્રથમ ક્રમે કપીશ માનસિંખા, બીજા ક્રમે રોશન પેરીવાલ અને ત્રીજા ક્રમે વૈશાલી શાહ સફળ થયાં

સુરતઃ ધી ઇન્સ્ટિટ્યુટ ઓફ કોસ્ટ એકાઉન્ટ્સ ઓફ ઇન્ડિયા (CMA) દ્વારા ગત જુન મહિનામાં લેવામાં આવેલી ફાઉન્ડેશનની પરીક્ષામાં સુરત ચેપ્ટરનાં 91 ટકા વિદ્યાર્થીઓએ સફળતા મેળવી છે. આ પરીક્ષામાં કપીશ માનસિંખા સુરત ચેપ્ટરમાં પ્રથમ ક્રમ, રોશન

અનુસંધાન પાના પાંચ પર


(તસવીર : સતીષ જાદવ)

### કપીશ હાલમાં ધો.11-12ના વિદ્યાર્થીઓને ભણાવે પણ છે, વૈશાલી બીકોમ સાથે સીએમએ કરી રહી છે

પરિણામ અંગે ચેપ્ટરમાં પ્રથમ ક્રમે રહેલા કપીશ માનસિંખાએ જણાવ્યું હતું કે, તેણે લાન્સર આર્મી સ્કૂલમાં ગુજરાતી માધ્યમમાં ધોરણ-12 સુધીનો અભ્યાસ કર્યો હતો. અને માતાનાં દિશાનિર્દેશને

અનુસંધાન પાના પાંચ પર

# ટફની જગ્યાએ પીએલઆઇ સ્કીમની વિચારણા, કાપડ ઉદ્યોગકારોમાં નિરાશા

**નવી** પીએલઆઈ સ્કીમ બાબતે વિચાર જાણવા માટે સોમવારે કાપડ ઉદ્યોગકારોની મીટિંગ મળશે

સુરત : કાપડ ઉદ્યોગ માટે આશિર્વાદ સમાન ટફ( ટેકનોલોજી અપગ્રેડેશન ફંડ) યોજના સમાપ્ત થઈ ગયા બાદ સુરતના કાપડ ઉદ્યોગકારો જુની ટફ યોજના ચાલુ રાખવાની માંગ કરી રહ્યા છે તેવામાં સરકાર નવી યોજના પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ લાવવા બાબતે વિચાર કરી છે. હજી યોજના લાગુ નહીં થઈ તે પહેલા જ સુરતમાં અંદરખાનેથી તેનો વિરોધ શરૂ થઈ ગયો છે.

### નવી સ્કીમ બાબતે ઉદ્યોગકારોની મીટિંગ યોજાશે

ફિઆસ્વી પ્રમુખ ભરતભાઈ ગાંધીએ જણાવ્યું હતું તે સરકાર દ્વારા ટફ યોજના અચાનક બંધ કરી દેવાતાં અનેક ઉદ્યોગકારોના માથે આભ તૂટી પડ્યું છે. એડવાન્સ મશીનરીસ માટે મોટું રોકાણ કરીને બેસેલાં એમએસએમઈ ઉદ્યોગકારો અટવાઈ પડ્યાં છે. બીજી તરફ પીએલઆઈ ડ્રાફ્ટ નોટ બહાર પાડવામાં આવી છે જેનો સુરતના વીવીંગ-નીટીંગ અને સ્પીનીંગ સહિત એમ્બ્રોઈડરીના વ્યવસાય સાથે સંકળાયેલાં તમામ સ્ટેક હોલ્ડરોનો ખુલ્લો વિરોધ છે. આ મુદ્દે ફિઆસ્વીની આગેવાનીમાં સોમવાર અથવા મંગળવારે ચેમ્બર ઓફ કોમર્સમાં સ્ટેક હોલ્ડરોની મિટીંગ યોજવાની છે. જેમાં બ્લેક આઉટ પીરીયડ માટે સર્વપ્રથમ સરકાર બેક ડેટથી જ એક નોટીફીકેશન બહાર પાડે તેવી ચર્ચાઓ કરી માંગણી કરવામાં આવનાર છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ટફ યોજનાના મળતી સબસિડીને કારણે ઉદ્યોગકારોને નવી મશીનરી ખરીદવામાં સરળતા રહે છે. 31 માર્ચના રોજ ટફ યોજના પુરી થઈ ગઈ હતી. તેની સામે સરકારી નવી યોજના હજી સુધી જાહેર કરી નથી. ઉદ્યોગકારો જુની ટફ યોજના ચાલુ રાખવાની માંગ કરી રહ્યા છે. તે દરમિયાન સરકાર નવી યોજના પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કિમ

અનુસંધાન પાના પાંચ પર




# અનાવલ-વાંસદા પંથકમાં 2.9ની તીવ્રતાનો ભૂકંપ

**બપોરે** ૧: ૨૯ કલાકે જોરદાર આંચકો અનુભવાયો

**એપી** સેન્ટર વાંસદાના ભીનાર ગામ પાસે ૨૦.૮૦૭ લેટિટ્યુડ અને ૭૩.૩૩૩ લોંગીટ્યુડ પર

**ભૂકંપની** ડેપ્થ ૧૪.૯ કિલોમીટર અને તીવ્રતા ૨.૯ નોંધાઇ

અનાવલ, વાંસદાઃ મહુવાના અનાવલ તેમજ આજુબાજુનાં ગામોમાં શુક્રવારે બપોરે ભૂકંપના આંચકાનો અનુભવ થતાં ગ્રામજનો ભયભીત બની ગયા હતા અને જીવ બચાવવા ઘરની બહાર દોટ લગાવી હતી. બીજી તરફ વાંસદા તાલુકામાં પણ ભૂકંપ અનુભવાતાં લોકોમાં ભયનો માહોલ છવાયો હતો. મહુવામાં ભૂકંપનો

અનુસંધાન પાના પાંચ પર

### ૨.૯ની તીવ્રતાના આંચકાથી ડરવાની જરૂર નથી

આ ૨.૯ ની તીવ્રતાના ભૂકંપના આચકાને લઇ હાલ વાંસદા તાલુકામાંથી કોઇ ગંભીર નુકશાની થઇ હોય એવું જાણવા મળ્યું નથી, આટલી તીવ્રતાના ભૂકંપથી ડરવાની જરૂર નથી.

**- નાયબ મામલતદાર, પિયૂષ પટેલ**



# એક તરફ ‘હર ઘર તિરંગા’ અને બીજી તરફ વ્યારામાં ૮૨ ફૂટના થાંભલા પર ૬ માસથી રાષ્ટ્રધ્વજ ફરકાવાયો નથી

**સુરતથી** હર ઘર તિરંગા યાત્રા અભિયાનનો શુભારંભ કરી તે જ દિવસે સીએમ વ્યારા પહોંચ્યા હતા, પણ તેની કોઈ દરકાર ન લેવાઈ

**હર ઘર** તિરંગાની યાત્રાને સફળ બનાવવાના દાવા કરનાર અધિકારીઓને અહીં એક તિરંગો લગાવવાની ફૂરસદ મળી નથી!

વ્યારાઃ વ્યારા નગરમાં ઉનાઈ સર્કલ પર આશરે ૨ લાખના ખર્ચે જિલ્લાનો સૌથી ઊંચો આશરે ૮૨ ફૂટનો સ્તંભ મૂકવામાં આવ્યો હતો. જેમાં આશરે રૂ. ૧.૫ લાખનાં ખર્ચે ફાઉન્ડેશન, રૂ.૧.૮૫ લાખનાં ખર્ચે રાષ્ટ્રધ્વજ ૨૪ કલાક લહેરાવે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ધ્વજ થોડાક સમય બાદ ફાંટી જતા તેને ઉતારી લેવાયો હતો, જેનો થાંભલો આજે પણ અડીખમ છે પણ તેની ઉપર રાષ્ટ્રધ્વજ નથી. સરકારના હર ઘર તિરંગા યાત્રા અભિયાન વચ્ચે વ્યારામાં આશરે ૮૨ ફૂટનો થાંભલો આશરે ૬ માસથી રાષ્ટ્રધ્વજ વિનાનો છે. પણ આ ધ્વજ વિનાનો થાંભલો જિલ્લાનાં એકેય ઉચ્ચ અધિકારીઓની નજરે પડ્યો નથી !

અનુસંધાન પાના પાંચ પર

અવસાન/શ્રદ્ધાંજલિની
જાહેરાત ઘર બેઠા આપવા માટે
સંપર્ક કરો
M. 98254 20037
ગુજરાતમિત્ર

દુ:ખદ અવસાન



અરૂણકુમાર બળસુખરામ ભટ્ટ (આદર્શ કેમિકલ્સ, સૂરત ઈલેક્ટ્રીસીટી કંપની) નું ગુરૂવાર તા. ૦૪-૦૮-૨૦૨૨ ના રોજ ટૂંકી માંદગી બાદ અવસાન થયું છે.

: પ્રાર્થના સભા :
રવિવાર, ૭ મી ઓગષ્ટ, ૨૦૨૨,
સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ દરમિયાન,
ઉમંગ હૉલ, નહેરૂનગર સોસાયટી, સૂરત.

લિ.
ગીતાબેન અરૂણકુમાર ભટ્ટ
કાનંદ અરૂણકુમાર ભટ્ટ અદિતી કાનંદ ભટ્ટ
સમસ્ત ભટ્ટ પરિવાર

જન્મ તા. ૨૯-૧૦-૧૯૩૬
સ્વ. તા. ૦૪-૦૮-૨૦૨૨
નિવાસ : ૧૩-એ, નહેરૂ નગર સોસાયટી, ઈચ્છાનાથ, સૂરત-૩૯૫૦૦૭.
કાનંદ : 99250 03534

અવસાન, બેસણું, શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

નોંધ : ૨૦ કો. સે.મી.થી વધુ સાઈઝની જાહેરાતોનાં વધારાના સે.મી. પર ડીસપ્લે રેટ લાગશે. (+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

દ્વિતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



વિદાય લે છે માનવી પોતે, પણ માનવીના કામો જીવે છે.
આપનું મૂલ્યનિષ્ઠ જીવન અમારી પ્રેરણા હતું,
તમારા ઉચ્ચ આદર્શો અમારા માર્ગદર્શક હતા,
તમારું સરળ જીવન, દયાળુ સ્વભાવ અને દીન-દુ:ખિયા માટેની
તમારી કરૂણાસભર જીવનશૈલી ક્યારેય નહીં ભૂલી શકાય...
આપના વિચારોને જીવનમાં ઉતારવાના
અમારા દ્રઢ સંકલ્પને આપના આશીર્વાદની અભિલાષા સાથે નત મસ્તકે વંદન...

ગં.સ્વ.લીલાવતીબેન જયંતિલાલ મોદી
ચંદ્રકાંત (દિપકભાઈ) જયંતિલાલ મોદી આશિતકુમાર જયંતિલાલ મોદી
પુષ્પાબેન ચંદ્રકાંત મોદી વિશાખાબેન આશિતકુમાર મોદી
વંશીતા ચંદ્રકાંત મોદી દર્શિત આશિતકુમાર મોદી
ખુશી ચંદ્રકાંત મોદી ખુશિત આશિતકુમાર મોદી

સ્વ.જયંતિલાલ સોમચંદદાસ મોદી
સ્વ.તા.૦૬/૦૮/૨૦૨૦

દુ:ખદ અવસાન



દિલગીરી સહ જણાવવાનું કે મારા ધર્મપત્ની નિશાબેન રમેશભાઈ અલમૌલાનું દુ:ખદ અવસાન તા. ૦૫-૦૮-૨૦૨૨ ને શુક્રવારે થયેલ છે. સદ્‌ગતના આત્માને શાંતિ અર્થે તા. ૦૭-૦૮-૨૦૨૨ ને રવિવારના રોજ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું છે.
સ્થળ : આદર્શ સોસાયટી હોલમાં સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ દરમ્યાન રાખેલ છે.

લિ.
શ્રી રમેશભાઈ ઉપેન્દ્ર અલમૌલા
શ્રી જય રમેશભાઈ અલમૌલા
શ્રીમતી રાધીકા પ્રેમલ પારેખ
સમસ્ત અલમૌલા પરિવાર

નિશાબેન રમેશભાઈ અલમૌલા
સ્વ. તા. ૦૫-૦૮-૨૦૨૨
નિવાસ સ્થાન : ૪૯, મંથન, આદર્શ સોસાયટી, અઠવાલાઈન્સ સુરત

નવમી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ



આપના જેવા દિવ્ય માતા મળવા અમારૂ ભાગ્ય છે. આપે સીંચેલા સંસ્કારો અને આપે આપેલા આર્શીવાદો અમને હંમેશા સદમાર્ગે આગળ વધારતાં રહેશે અને સુવાસ કાયમ પ્રસરતી રહેશે. જગતની તમામ સમૃદ્ધિ મળશે પણ કલ્પવૃક્ષ જેવી તમારી છાયા ક્યાંય નહી મળે. આપ હયાત નથી પણ હરપળે સાથે છો. એવું લાગ્યા કરે છે. યાદો માં તમારા ચહેરાના દર્શન થયા કરે છે પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ અમારી પ્રાર્થના.

લિ.
ભરતભાઈ છીબાભાઈ આહિર (પુત્ર)
મહેશભાઈ છીબાભાઈ આહિર (પુત્ર)
ભારતીબેન ભરતભાઈ આહિર (પુત્રવધુ)
ભૂમિકાબેન મહેશભાઈ આહિર (પુત્રવધુ)
-અક્ષેશ, જેનીશ, જાનવી, રાજ

સ્વ. લલિતાબેન છીબાભાઈ આહિર
સ્વ.તા.6-8-2013
ગામ : પારડી- પાતા, તા.પલસાણા